આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે છે તેનો આનંદ લેવો હોય તો જે નથી તેની ચિંતા છોડી દો
- રજનીશ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૬ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; ભાદરવા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ભાદરવો ભરપુર

## ગઈરાત્રે સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

ગાંધીનગર, તા. ૨૫

વરસાદના છેલ્લા રાઉન્ડમાં મેઘાએ ભારે બઘડાટી બોલાવી છે. છેલ્લા ત્રણેક દિવસથી પડી રહેલા વરસાદે ગઈકાલે રાત્રે એક સામટા વરસી સાડા ત્રણેક ઈંચ વરસી શહેરને પાણી પાણી કરી દીધું છે. આ વર્ષે મોસમનો કુલ વરસાદ ૯૭૦ મી.મી. પર પહોંચ્યો છે જે છેલ્લા છ વર્ષમાં સૌથી વધુ છે.

ગઈકાલે આખો દિવસ કોરો કાઢ્યા બાદ મોડીરાત્રે મેઘરાજાનો મીજાજ એકાએક જ બદલાઈ ગયો હતો. મોડી રાત્રે વરસાદે ધીમી ધારે વરસવાનું શરૂ કર્યું હતું પરંતુ વહેલી સવાર સુધી તો તેણે રૌદ્ર રૂપ ધારણ કરી લીધુ હતુ. ભારે વરસાદના કારણે ઘણા વસાહતીઓ ઉંઘમાંથી ઉઠી ગયા હતા તો ઘણા વસાહતીઓએ સવારે ઉઠી ચોતરફ ભરાયેલા પાણીથી કેટલો વરસાદ પડ્યો હશે તેનો અંદાજ બાંધ્યો હતો. એક સાથે ખુબ વરસાદ પડતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સવારે આઠેક વાગે પણ થોડીકવાર માટે વરસાદ પડ્યો પરંતુ થોડીક જ વારમાં તે બંધ થઈ જતા ઓફિસ જતા કર્મચારીઓને રાહત થઈ હતી. જો કે મોટાભાગની શાળાઓમાં આજે રજા રાખી દેવાઈ હતી. શાળાઓમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ચાલી રહી છે ત્યારે જ ભારે વરસાદ પડતા પરીક્ષાને રદ કરી દેવાઈ હતી. વરસાદ સાથે ભારે પવન ફુંકાતા ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ પડી ગઈ હતી. સત્તાવાર રીતે શહેરમાં ચાર વૃક્ષો પડી ગયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જો કે આજે દિવસ દરમ્યાન વરસાદ રોકાઈ જતાં પાણી ઓસરી ગયા હતા.

આંકડાઓ અનુસાર આ વર્ષે મોસમનો કુલ વરસાદ ૯૭૦ મી.મી. નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૮૨ મી.મી. વરસાદ નોંધાયો છે. તાપમાનમાં પણ ખુબ ઘટાડો થયો છે. મહત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૪.૦ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૯૬ ટકા રહ્યું હતું.

### છેલ્લા ૧૩ વર્ષના વરસાદના આંકડાઓ

| વર્ષ | મી.મી.માં | વર્ષ | મી.મી.માં |
|---|---|---|---|
| ૨૦૦૧ | ૫૦૩ | ૨૦૦૮ | ૭૨૭.૫ |
| ૨૦૦૨ | ૩૭૨.૫ | ૨૦૦૯ | ૫૧૧ |
| ૨૦૦૩ | ૧૦૭૪ | ૨૦૧૦ | ૮૫૭ |
| ૨૦૦૪ | ૮૩૩ | ૨૦૧૧ | ૭૨૭ |
| ૨૦૦૫ | ૧૨૭૦ | ૨૦૧૨ | ૭૦૬ |
| ૨૦૦૬ | ૧૦૯૧.૫ | ૨૦૧૩ | ૯૭૦ મી.મી. |
| ૨૦૦૭ | ૧૧૭૦.૫ | (તા.૨૫મી સપ્ટે. ૮ વાગ્યા સુધી) | |

## છેલ્લા છ વર્ષના તમામ રેકોર્ડ આ વર્ષના વરસાદે તોડ્યા : મોસમનો ૯૭૦ મી.મી. કુલ વરસાદ







(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

# ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ મોડ પર

## મામલતદારોને ફરજનુ મુખ્ય મથક નહિ છોડવા જણાવાયું : જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પણ બે દિવસની રજાઓ જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૪૮ કલાકમાં ભારે થી અતિભારે વરસાદ થવાની મળેલ આગાહીને પગલે જિલ્લા તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે. તેમજ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે.

ચાલુ વર્ષના ચોમાસા દરમ્યાન બીજીવાર જિલ્લામાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા તરફથી મળતાં તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ છે.

જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે આજે તમામ મામલતદારોને હેડક્વાર્ટર નહિ છોડવા તેમજ તલાટીઓને પણ ફરજનું મુખ્ય મથક નહિ છોડવાની કડક સૂચના આપી છે. તેમજ રસ્તાઓ પર પાણી ભરાઈ ન રહે અને વૃક્ષો પડવાથી ઘટના બને તો તે તાકીદે દૂર થાય તે જોવા વન વિભાગને પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ વીજપુરવઠો બરાબર મળી રહે તે જોવા વીજતંત્રને પણ જણાવવામાં આવ્યું છે.

છેલ્લા ત્રણ ચાર દવિસથી શરૂ થયેલો વરસાદી માહોલ આજે પણ ચાલુ રહ્યો હતો. જો કે દિવસ દરમ્યાન હળવા છાંટા નોંધાયા હતા. જિલ્લાના કલોલ તાલુકામાં ૩ મિ.મિ. જેટલો વરસાદ નોંધાયો હતો.

આજે સાંજે જિલ્લામાં થયેલા વરસાદ સાથેની વિગતો જોઈ જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન તથા જિલ્લાના અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

દરમ્યાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી બહાદુરસિંહ સોલંકીએ આજે ખાસ સૂચનાઓ પ્રા. શાળાના આચાર્યોને આપી બે દિવસ સુધી શાળાઓ બંધ રાખવા જણાવ્યું છે. આ ઉપરાંત જિલ્લાનો વિજ્ઞાન મેળો જે પાલુન્દ્રા ખાતે યોજાયો હતો તે પણ તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યો છે.

જિલ્લાની પ્રા. શાળાઓમાં જે પરીક્ષાઓ શરૂ થઈ છે તે આ બે દિવસ સુધી મોકુફ રખાઈ છે અને તે હવે પછી લેવામાં આવશે.

જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ તાલુકા મથકોએથી મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓને સતત જિલ્લા સાથે સંપર્કમાં રહેવા માટેની તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે જણાવવામાં આવ્યું હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

કલેક્ટરશ્રીએ ધરોઈ બંધના સત્તાવાળાઓ સાથે પણ વાત કરી હોવાનું જાણવા મળેલ છે. જો કે નદીમાં હજુ પાણીની કોઈ આવક નથી થઈ. ધરોઈ બંધમાં પાણીની સપાટી ૬૦૯ ફૂટ જેટલી હોવાનું જાણવા મળેલ છે.

# સુરત, ભરૂચ, વડોદરા જળબંબાકાર

## મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ યથાવત : બચાવ-રાહતકામગીરી જારી : ૪૦૦૦૦થી વધુનું સ્થળાંતર

અમદાવાદ, તા.૨૫

મધ્ય અને દક્ષિણ ગુજરાત ભાગોમાં પણ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે મીની પુરની



સુધી જ પૂરની સ્થિતિ હવે મર્યાદિત રહી નથી. સૌરાષ્ટ્રના કેટલાક સ્થિતિ સર્જાઈ ગઈ છે. સૌરાષ્ટ્રમાં ઓજટ નદીમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે વધી છે. પૂરના પાણીના નિકાલ માટે ઓજટ -૨ બંધના બારણા ખોલી દેવામાં આવ્યા છે. મહેન્દ્ર, જુનાગઢ પટ્ટાના વિસ્તારોમાં નિચાણવાળા ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. બીજી બાજુ જુનાગઢના સિંગોડા બંધના પ્રવેશદ્વાર પણ પૂરના પાણીના નિકાલ માટે ખોલી દેવામાં આવ્યા છે. કંકાઈ મંદિરની દિવાલ ગીર વન્ય વિસ્તારમાં ભારે વરસાદના કારણે તૂટી પડી છે. બીજી બાજુ અમરેલી જિલ્લામાં ધારીને જોડનાર માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. ખોડિયાર બંધમાં પાણીની સપાટી સાત ફુટ વધી ગઈ છે. ભાવનગરના કોલિયા ગામમાં સ્થાનિક નદીમાં પાણી વધી જવાના કારણે વિકટ સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભાવનગર અને આસપાસના વિસ્તારોમાં નોનસ્ટોપ વરસાદના લીધે મુશ્કેલી ઉભી થઈ છે. બીજી બાજુ મધ્ય અને દક્ષિણગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. અમદાવાદ-મુંબઈ રૂટની ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે. સુરત, ભરૂચ, વડોદરામાં સ્થિતિમાં ધીમે ધીમે સુધાર થઈ રહ્યો છે પરંતુ હજુ પણ તમામ સ્થળો પર પાણી ભરાયેલા હોવાથી સ્થિતિ સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

## ભરૂચ નજીક હાઈવે પર ૫૦ કિમી સુધી ટ્રાફીક જામ રહ્યો

અમદાવાદ,તા. ૨૫

ભરૂચ નજીક નેશનલ હાઈવે નંબર ૮ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી જેથી ભરૂચ કલેક્ટરે હાઈવે પર ટોલ કલેક્શન બંધ કરવાની સૂચના જારી કરી હતી. ભારે વરસાદ અને પૂરના કારણે આ હાઈવે પર હાલત કફોડી બનેલી હતી. મધ્ય અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ અને પૂરથી આ હાઈવે પર સ્થિતિ વધુ વણસી ગઈ હતી.

સામાન્યરીતે આ હાઈવે પર ૧૦થી ૨૦ કિલોમીટર સુધી ટ્રાફિક જામ રહે છે પરંતુ આજે ૫૦ કિલોમીટર સુધી ટ્રાફિક જામની સ્થિતિ રહી હતી. અમદાવાદ-મુંબઈ રૂટની ઘણી ટ્રેનો રદ કરવામાં આવી હતી. ટોલ બુથની ઉપસ્થિતિના કારણે ભરૂચમાં નેશનલ હાઈવે નંબર ૮ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ભરૂચના કલેક્ટરે ટોલ કલેક્શન બંધ કરવાના આદેશ જારી કર્યા હતા.

**આકર્ષક બિઝનેસ**

**પાર્ટ ટાઈમ / ફુલટાઈમ**
**MNC સાથે બિઝનેસ તક**
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
**સંપર્ક કરો**
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩




